A-1
ચેવડો
વેફર્સ-ચટણી
રાજકોટ ના પ્રખ્યાત
રસિકભાઈ ચેવડાવાળા
■ લીમડા ચોક ■ એરપોર્ટ રોડ
■ જ્યુબેલી બાગ ■ કોટેચા ચોક
■ નાના મવા રોડ

RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2022-2025
At Posted Jamnagar gly. 361001

www.nobat.com

જામનગર-દેવભૂમિ દ્વારકા
જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક

Page 8 Price : ₹ 3.50

નોબત

NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT),
24 NOVEMBER 2025, MONDAY • Vol. No. 69 • PRICE ₹ 3.50 • ISSUE No. 162

તહેવારો નિમિત્તે સ્પેશ્યલ ઑફર
ખરીદો ઈલેક્ટ્રિક સ્કુટર ફક્ત ₹ 35,999
1 Year Warranty | 60 Km Mileage | 50 Top Speed

UNITED AGENCY
(ELECTRIC SCOOTER)
Khodiyar Colony, Nr. Maher Samaj, Khira Complex, Jamnagar.
Ph. 2664181 M. 98245 46160, 98248 93352

■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752

રૂા. ૨૨૬ કરોડના ખર્ચે નિર્મિત બ્રિજનું સાત રસ્તા પર નિરીક્ષણ પછી ધન્વન્તરિ ઓડિટોરિયમમાં યોજાયેલા કાર્યક્રમમાં સી.એમ. ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યું સંબોધનઃ

જામનગરમાં સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફ્લાયઓવરનું લોકાર્પણ

જામનગરમાં સીએમએ આપી ૬૬૨ કરોડના વિકાસ કામોની ભેટ

સૌરાષ્ટ્રનો સૌથી વધુ ૩૭૫૦ મીટર લાંબો બ્રિજ બન્યો નગરનું નજરાણુઃ મુખ્યમંત્રીએ જામનગરની સ્વચ્છતા, સેમિકન્ડક્ટર, વોટર રિચાર્જનો ઉલ્લેખ કરી જણાવ્યું કે જામનગર વર્લ્ડ ડેસ્ટિનેશન બન્યું

જામનગર તા. ૨૪: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જામનગરમાં રૂા. ૨૨૬ કરોડની વધુના ખર્ચે નિર્મિત સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફ્લાય ઓવર બ્રિજનું આજે લોકાર્પણ કર્યું છે. સુભાષ બ્રિજથી સાત રસ્તા સર્કલ સુધીનો નવો રૂટ મળવાથી નાગનાથ જંક્શન, ગ્રેઈન માર્કેટ, બેડીગેઈટ જેવા વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થશે. ૬,૭૫૦ મીટરની લંબાઈ ધરાવતા આ બ્રિજમાં ૧,૨૦૦ થી વધુ વાહનો માટે પાર્કિંગ, સ્પોર્ટ એક્ટિવિટી, તથા ફૂડ ઝોન જેવી સવલતોનો પણ સમાવેશ કરાયો છે. સાત રસ્તા સર્કલ પર લોકાર્પણ પછી મુખ્યમંત્રીએ નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જામનગરમાં રૂા. ૨૨૬.૯૯ કરોડના ખર્ચે નિર્મિત સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફ્લાય ઓવર બ્રિજનું લોકાર્પણ કર્યું હતું. સાત રસ્તા સર્કલથી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા સુધીનો ફોરલેન એલીવેટેડ ફ્લાયઓવર બ્રિજની કુલ લંબાઈ ૪ એપ્રોચ સહિત ૩,૭૧૦ મીટર છે. મુખ્ય બ્રિજ ફોર લેન ૧૬.૫૦ મીટરનો છે, જ્યારે ઈન્દિરા માર્ગ તથા દ્વારકા રોડ એપ્રોચ ટુ લેન ૮.૪૦ મીટરના છે. આ ફ્લાયઓવરના કારણે જામનગરના નાગરિકોને દ્વારકા, રિલાયન્સ, નયારા, જી.એસ.એફ.સી. તરફ તેમજ રાજકોટ રોડ તરફ સરળતાથી વાહનવ્યવહારની સુવિધા મળશે. આનાથી બ્રિજ નીચેના મુખ્ય ચાર જંક્શન સાત રસ્તા સર્કલ, ગુરુદ્વારા જંક્શન, નર્મદા સર્કલ તથા નાગનાથ જંક્શન પર થતા ટ્રાફિક જામ અને અકસ્માત જેવા બનાવોમાંથી મોટી રાહત મળશે. પરિણામે ઈંધણ અને સમયની બચત થશે.

સુભાષ બ્રિજથી સાત રસ્તા સર્કલ થઈ લાલબંગલા સર્કલ સુધીનો નવો રૂટ મળવાથી નાગનાથ જંક્શન, ત્રણ દરવાજા (ગ્રેઈન માર્કેટ), બેડીગેટ જેવા વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થશે. આ વિકાસકાર્યની સાથે જ બ્રિજ નીચેના અન્ડરસ્પેસને પણ નાગરિક સુવિધા માટે વિકસાવવામાં આવ્યો છે, જેમાં કુલ ૬૧ ગાળાઓમાં ૧,૨૦૦ થી વધુ વાહનોના પાર્કિંગની વ્યવસ્થા જેમાં ૮૫૦ ટુ-વ્હીલર્સ, ૨૫૦ ફોર-વ્હીલર્સ, ૧૦૦ રિક્ષા, ૧૦૦ અન્ય અને ૨૬ બસ પાર્કિંગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કુલ ૪ જગ્યાએ પે એન્ડ યુઝ ટોઈલેટ, ૧ લોકેશન પર શ્રમિક સુવિધા કેન્દ્ર (લેબર ચોક), ૧૦ ગાળામાં સ્પોર્ટ એક્ટિવિટી, ૪ લોકેશન પર વેઈટીંગ/સીટિંગની વ્યવસ્થા અને ૪ લોકેશન પર ફૂડ ઝોન જેવી સવલતો પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. મુખ્યમંત્રી દ્વારા લોકાર્પિત કરાયેલો આ ફ્લાયઓવર જામનગરના નાગરિકોના જીવનમાં સરળતા અને સુગમતા લાવીને શહેરના વિકાસમાં એક નવો અધ્યાય ઉમેરશે.

સાત રસ્તા પર લોકાર્પણ પછી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ધન્વન્તરિ ઓડિટોરિયમમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન જામનગરને રૂા. ૬૬૨ કરોડના વિકાસની ભેટ આપ્યા પછી પોતાના સંબોધનમાં મુખ્યમંત્રીએ સ્વચ્છતા અંગે માર્મિક ટકોર કરીને વોટર રિચાર્જીંગ તથા પાણીની કરકસરનો સંદેશ આપ્યો હતો. તેઓએ વડાપ્રધાનના સહયોગથી જામનગર નજીક વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના સહયોગથી ઊભા થઈ રહેલા સ્વાસ્થ્ય ક્ષેત્રના વૈશ્વિક કેન્દ્રનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, હવે જામનગર દુનિયાના નકશામાં ગૌરવભેર સ્થાન પામ્યું છે.

આ પ્રસંગે જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા, સાંસદ પૂનમબેન માડમ, મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, જિલ્લા પંચાયત પ્રમુખ મયબેન ગરસર, મહાનગરપાલિકાના પ્રભારી મંત્રી પલ્લવીબેન ઠક્કર, ધારાસભ્યો સર્વ મેઘજીભાઈ ચાવડા, દિવ્યેશભાઈ અકબરી, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન નિલેશભાઈ કગથરા, જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશ્નર ડી.એન. મોદી, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પત્રુ, પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની, શાસક પક્ષના નેતા આશિષ જોષી, દંડક કેતનભાઈ નાખવા, આગેવાનો બીનાબેન કોઠારી, પ્રકાશભાઈ બાંભણિયા, મેરામણ ભાટુ, વિજયસિંહ જેઠવા વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

ભલે પધાર્યા... ભૂપેન્દ્રભાઈ... રજવાડીનગરની રૈયત આવકારે છે... નગરના દ્વારે નગારે ઘા...

આજે રજવાડીનગર જામનગરના આંગણે નોબત-નગારાનો નાદ ગુંજી રહ્યો છે, અને નગરમાં ખુશીનો માહોલ છે. એક તરફ મંગલ પ્રસંગો, સગાઈ, લગ્ન સમારંભોની ધૂમ મચી છે, તો બીજી તરફ નગરમાં રૂા. સવા બસો કરોડથી વધુના ખર્ચે નિર્માણ થયેલા ફ્લાય ઓવરબ્રિજના લોકાર્પણની સાથે સાથે અન્ય વિકાસ પ્રોજેક્ટોના લોકાર્પણો તથા ખાતમુહૂર્ત કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જામનગર આવ્યા છે, જેને નગરજનો આવકારે છે...

ગઈકાલથી પ્રેસ-મીડિયામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના એક માનવીય અભિગમની ભરપૂર પ્રશંસા થઈ રહી છે અને એક પરિવારના લગ્ન પ્રસંગમાં અડચણ ન આવે, તે માટે મુખ્યમંત્રીએ આજના લોકાર્પણ-ખાતમુહૂર્તના કાર્યક્રમો-પ્રસંગો યોજાનાર સમારંભનું સ્થળ ટાઉનહોલથી બદલીને ધન્વન્તરિ મંદિરના ઓડિટોરિયમમાં કરાવ્યું તેની ચો તરફ ચર્ચા થઈ રહી છે અને તેમાં રાજ્ય સરકારનું માહિતી ખાતું કેવી રીતે નિમિત્ત બન્યું હતું, તેની પણ ચર્ચા ટોક ઓફ ધ સ્ટેટ બની રહી છે. એકદરે "અંત ભલા તો સબ ભલા..." મુજબ જેને ત્યાં લગ્ન પ્રસંગ હતો, તે પરિવારે પણ મુખ્યમંત્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી છે, અને સૌ સારા વાના થયા છે.

આમ તો મુખ્યમંત્રી ૨૦મી નવેમ્બરે ફ્લાય ઓવરબ્રિજ ખુલ્લો મુકવા અને અન્ય વિકાસના કામોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણો કરવા માટે જામનગર આવવાના હતા. અને તેના સંદર્ભે ટાઉનહોલમાં કાર્યક્રમ યોજાનાર હતો, પરંતુ મુખ્યમંત્રીને બિહારમાં નીતિશકુમારની શપથવિધિમાં જવાનું થતાં કાર્યક્રમની તારીખ બદલી, અને તેની અસર પહેલેથી નિર્ધારિત એક પરિવારના લગ્ન પ્રસંગ પર થાય તેમ હતી, તે જોતાં વહીવટીતંત્રે પણ સ્વયં જાગૃત રહીને "આમ જનતાને" પ્રાયોરિટી આપીને જરૂરી ફેરફાર કરવા જોઈએ, અને જાહેર કાર્યક્રમોમાં ફેરફાર થાય ત્યારે સ્થળ પસંદગી, રૂટ અને અન્ય સંલગ્ન તમામ બાબતોની તલસ્પર્શી પુનઃ સમીક્ષા કરીને સ્થાનિક કક્ષાએથી જ જરૂરી ફેરફાર "સામાન્ય જનતા"ને કેન્દ્રમાં રાખીને જ કરવા જોઈએ. ખેર, દેર આયે...દૂરસ્ત આયે... ભવિષ્યમાં ધ્યાન રાખવા જેવું ખરૂં !

આજે મહાનગરપાલિકા અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો હસ્તકના કુલ મળીને ૬૨૨ કરોડથી વધુના ૬૯ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા પછી મુખ્યમંત્રીએ કરેલા સંબોધન તથા આ વિકાસકામોના કારણે લોકોની સુખ-સુવિધામાં થનારા સુધારા-વધારા અંગે પણ આજે નગરચર્ચા થઈ રહી છે, અને ભિન્ન-ભિન્ન મંતવ્યો વ્યક્ત થઈ રહ્યા છે. કેટલાક કોંગી મહિલા અગ્રણીઓના ઘર પાસે વિશેષ બંદોબસ્ત તથા કથિત

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા તરીકે જસ્ટિસ સૂર્યકાન્તને લેવડાવ્યા શપથ

નવી દિલ્હી તા. ૨૪: જસ્ટિસ સૂર્યકાંત સુપ્રિમ કોર્ટના ૫૩ મા મુખ્ય ન્યાયાધીશ બન્યા છે. તેઓને રાષ્ટ્રપતિએ શપથ લેવડાવ્યા હતાં.

દેશના નવા સીજેઆઈ તરીકે જસ્ટિસ સૂર્યકાંતે શપથ લઈ લીધા છે. તેમને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શપથ લેવડાવ્યા હતાં. તેઓ ૧૫ મહિના સુધી આ પદે રહેશે, જ્યારે જસ્ટિસ ગવઈ હવે સીજેઆઈ પદેથી નિવૃત્ત થઈ ગયા છે.

ઉલ્લેખનિય છે કે, આ

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

અહેવાલો કન્ફર્મ થયાઃ નિવાસસ્થાને તથા વિલે પાર્લે સ્મશાન ગૃહે સુરક્ષા વધારાઈ

દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રનું ૮૯ વર્ષની વયે નિધન

મુંબઈ તા. ૨૪: સમાચાર એજન્સી અનુસાર પીઢ અભિનેતા ધર્મેન્દ્રનું આજે ૮૯ વર્ષની વયે નિધન થયું છે. તેઓ બોલિવૂડમાં હી-મેનના નામથી પ્રખ્યાત હતા. તેમના નિધનથી સિનેમા જગતમાં શોકની લહેર પ્રસરી છે. તેઓ લાંબા સમયથી બીમાર હતા અને મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ હતા. હાલમાં જ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી અને ઘરે જ તેમની સારવાર ચાલી રહી હતી.

દેશભરમાં છવાયો શોક

દિગ્ગજ એક્ટર ધર્મેન્દ્રનું નિધન થયું છે. ઘણા દિવસોથી ઘર પર જ તેમની સારવાર ચાલી રહી હતી. આ દરમ્યાન પરિવાર વચ્ચે દેઓલ હાઉસમાં તેમને અંતિમ શ્વાસ લીધા હતા. તેમને શ્વાસ લેવામાં તકલીફ થતા તા. ૩૧ ઓક્ટોબરે રાત્રે મુંબઈની બ્રીચકેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૨ નવેમ્બરે તેમને રજા આપવામાં આવી તે પહેલા

તેમણે ઘણાં દિવસો સુધી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. એવામાં તા. ૧૧ નવેમ્બરે તેમના મૃત્યુની ખોટી અફવાઓ વ્યાપકપણે ફેલાઈ હતી, જેના કારણે તેમના પત્ની અને એક્ટ્રેસ હેમા માલિની અને દીકરી ઈશા દેઓલે નિવેદનો આપીને પુષ્ટિ કરી હતી કે તેઓ જીવિત છે. અને સ્વસ્થ થઈ રહ્યા છે.

આજે ધર્મેન્દ્રના નિધનના સમાચારો આવ્યા પછી વિલે પાર્લે સ્મશાનગૃહની સુરક્ષા વધારી દેવામાં આવી છે, તથા તેમના નિવાસસ્થાને પણ બંદોબસ્ત ગોઠવાયો છે.

ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટ્યુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ
• ૧૯૨૬ થી કાર્યરત • ભારતભરમાં ૫૦ જેટલા કેન્દ્રો • સરકાર માન્ય કોર્સ
નેશનલ ફાયર એકેડેમી ધો.૧૦ પાસ
ફાયર એન્ડ સેફટી
ફાયરમેન કોર્સ
નગરપાલીકા, GSPC, IPCL, ONGC રીલાયન્સ, એસ્સાર, પોર્ટ, ડીફેન્સ (નેવી, આર્મી, એરફોર્સ) વગેરેમાં નોકરીની ઉત્તમ તકો
કોઠારીયા નાકા ચોક, રાજકોટ
0281-2229604/07
77779 49723

લાલ યાની તાજા
500g મરચું પાવડર સાથે 50g ઊંધિયા મસાલા ફ્રી*
MRP ₹55

*T&C apply
ગુજરાતની નં. ૧ સ્પાઈસ બ્રાન્ડ
રામદેવ
SINCE 1965
• મરચું • હળદર • ધાણાજીરૂ
* આ યોજના ગુજરાત રાજ્ય પૂરતી મર્યાદિત છે
www.ramdev.co.in